# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 04-08-2024 Midday : 1.20 to 1.30pm
Day : SUNDAY National News

આકાશવાણી- સમાચાર **ખ્યાતિ પુરોહિત** વાંચે છે.

**************************************************

- રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ આજથી ત્રણ દિવસ ફિજી, ન્યૂઝિલેન્ડ અને તિમોર લેસ્તેના પ્રવાસે જશે.
- હિમાચલ પ્રદેશના ૩ જિલ્લામાં આભ ફાટવાની ઘટનામાં ખોવાયેલાં લોકોની શોધખોળ ચોથા દિવસે પણ યથાવત્ - હજી 44 લોકો ગુમ
- બાંગ્લાદેશમાં દેખાવકારોએ પ્રધાનમંત્રી શેખ હસીનાનાં રાજીનામાની માગ કરી
- ઉત્તરપ્રદેશના આગરા-લખનઉ એક્સપ્રેસ-વે પરથી બસ નીચે પડી જતા સાત લોકોના મોત
- પશ્ચિમ મધ્યપ્રદેશ અને પૂર્વ રાજસ્થાનમાં આજે ભારે વરસાદની આગાહી

**************************************************

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PREZ FIZI

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ આજથી ત્રણ દિવસ ફિજી, ન્યૂઝિલેન્ડ અને તિમોર લેસ્તેના પ્રવાસે જશે. રાષ્ટ્રપતિશ્રી આજે સાંજે નવી દિલ્હીથી ફિજી જવા રવાના થશે. રાષ્ટ્રપતિશ્રી ફિજીની  રાજધાની સુવા ખાતે દ્વિપક્ષીય બેઠક યોજશે. દરમિયાન તેઓ ફિજિયન સંસદને સંબોધિત કરી સમુદાયની વાતચીતમાં ભાગ લેશે. ત્યારબાદ રાષ્ટ્રપતિશ્રી ન્યૂઝિલેન્ડમાં પણ દ્વિપક્ષીય બેઠક યોજશે. તેમ જ વેલિંગ્ટન ખાતે આંતરરાષ્ટ્રીય શિક્ષણ પરિષદને સંબોધશે.

રાષ્ટ્રપતિશ્રી ઑકલેન્ડમાં સામુદાયિક સ્વાગત સમારોહમાં ભારતીય ડાયસ્પોરા અને ફ્રેન્ડ્સ ઑફ ઇન્ડિયા સાથે પણ સંવાદ કરશે. તિમોર લેસ્તેની મુલાકાત દરમિયાન રાષ્ટ્રપતિશ્રી રાજધાની દિલી ખાતે દ્વિપક્ષીય બેઠક કરશે અને તિમોર-લેસ્તે અને ફ્રેન્ડ્ઝ ઑફ ઇન્ડિયામાં ભારતીયો સાથે સમુદાયના  સ્વાગતમાં ઉપસ્થિત રહેશે.

# HM CHANDIGARH

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે ચંદીગઢ ખાતે ઇએવિડન્સ-, ન્યાય સેતુ, ન્યાય શ્રુતિ અને ઈતેઓ મણિમાજરા ખાતે સ્માર્ટ .સમન પ્રણાલીનું ઉદ્ઘાટન કરશે- .બાય સેવન પૂરવઠા પ્રોજેક્ટનું પણ ઉદ્ઘાટન કરશે 24 સિટી મિશન હેઠળ

# CLOUDBRUST HIMACHAL

હિમાચલ પ્રદેશના શિમલા, મંડી અને કુલ્લુ જિલ્લામાં આભ ફાટવાની ઘટનામાં ખોવાયેલાં લોકોની શોધખોળ આજે ચોથા દિવસે પણ યથાવત્ છે. રાજ્યમાં આભ ફાટવાની ઘટનાઓમાં શિમલા જિલ્લાના રામપુરના 36 લોકો સહિત કુલ 44 લોકો હજી પણ ગુમ છે.

NDRF અને SDRFની ટુકડીઓ ગુમ થયેલા લોકોને શોધવા લાઈવ ડિટેક્ટર ઉપકરણો સાથે કામ કરી રહ્યા છે. શિમલા જિલ્લાના નાયબ કમિશનર અનુપમ કશ્યપે જણાવ્યું કે જાહેર બાંધકામ વિભાગ, જળ શક્તિ અને ખાદ્ય અને પુરવઠા વિભાગને અસરગ્રસ્ત સ્થળોએ આવશ્યક સેવાઓ પ્રદાન કરવા સૂચના આપવામાં આવી છે. બીજી તરફ, આદિવાસી જિલ્લા લાહૌલ-સ્પીતિના દારચા-શિંકુલા રોડ પર મોડી રાત્રે આભ ફાટવાના કારણે બોર્ડર રોડ ઓર્ગેનાઈઝેશનના બે પુલને નુકસાન થયું હતું. જેના કારણે દારચા-શુંકલા-ઝંસકાર રોડ પર વાહનવ્યવહાર પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે.

# ETAWAH ACCIDENT

ઉત્તરપ્રદેશના ઈટાવા જિલ્લામાં આવેલા આગરા-લખનઉ એક્સપ્રેસ-વે પરથી બસ નીચે પડી જતા સાત લોકોના મોત નીપજ્યા છે. જ્યારે ૩5થી વધુ લોકો ગંભીર રીતે ઇજાગ્રસ્ત થયા છે. ગઈકાલે રાત્રે બસ કાર સાથે અથડાતા આ અકસ્માત સર્જાયો હતો.

ઈટાવાના સ્થાનિક નિરીક્ષણ અધિકારીએ આકાશવાણી સમાચાર સાથેની વાતચીતમાં જણાવ્યું કે, નાગાલેન્ડ રાજ્યના પાસિંગની ડબલ ડેકર બસ રાયબરેલીથી દિલ્હી જઈ રહી હતી. દરમિયાન બસ કાર સાથે અથડાતા ચાલકે કાબૂ ગુમાવતા બસ પલટી ગઈ હતી.

# IMD - WEATHER

હવામાન વિભાગે પશ્ચિમ મધ્યપ્રદેશ અને પૂર્વ રાજસ્થાનમાં આજે ભારે વરસાદની આગાહી કરી છે. દક્ષિણ-પશ્ચિમ રાજસ્થાન અને તેની આસપાસના વિસ્તારમાં ઓછા દબાણના વિસ્તારને કારણે આસ્થિતિ સર્જાઈ છે.

હવામાન વિભાગે જણાવ્યુ કે મધ્ય મહારાષ્ટ્ર, કોંકણ અને ગોવાના ઘાટ વિસ્તારોમાં પણ આજે ભારે વરસાદની સંભાવના છે. જ્યારે જમ્મુ-કાશ્મીર અને પંજાબ પણ વરસાદ થવાની શક્યતા છે. ઉપરાંત હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ, ઉત્તરપ્રદેશ, રાજસ્થાન, પેટા-હિમાલયન પશ્ચિમ બંગાળ અને ઉત્તર-પૂર્વ ભારતમાં આગામી 10 ઓગસ્ટ સુધી વરસાદી માહોલ રહેશે.

દરમિયાન, દક્ષિણભારતમાં તટિય કર્ણાટકમાં આજે ભારે વરસાદની સ્થિતિ રહેશે તથા કેરળ, માહે અને તમિલનાડુમાં આવતીકાલ સુધી ભારે વરસાદની સ્થિતિ રહેશે. હવામાન વિભાગે આ સપ્તાહ દરમિયાન દેશના મોટાભાગના વિસ્તારોમાં ગાજવીજ અને વીજળીના ચમકારા સાથે હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરી છે.

# BANGLADESH: PROTESTERE REJECT PM's PROPOSAL

બાંગ્લાદેશમાં દેખાવકારોએ પ્રધાનમંત્રી શેખ હસીનાના ક્વોટા સુધારણા વાટાઘાટોના પ્રસ્તાવને નકારી કાઢી અને તેમના રાજીનામાની માગ કરી છે. ક્વોટા સુધારણા ચળવળના સંયોજકોએ ગઈકાલે સાંજે ઢાકામાં સેન્ટ્રલ શહીદ મિનાર ખાતે એક વિશાળ રેલીમાં આ અંગે જાહેરાત કરી હતી.

ઉપરાંત ગઈકાલે રાત્રે બાંગ્લાદેશના ગૃહમંત્રી અસદુઝમાન ખાને કાયદા અમલીકરણ સંસ્થાઓના ટોચના અધિકારીઓ સાથે બેઠક યોજી હતી. ત્યારબાદ ગૃહમંત્રીએ માધ્યમોને સંબોધતા જણાવ્યું કે, વિદ્યાર્થીઓના આંદોલનની તમામ માગણીઓ સંતોષવામાં આવી છે. તેમણે વિદ્યાર્થીઓને અસહકાર આંદોલન કર્યા વગર ઘરે પરત ફરવા વિનંતી કરી હતી. ઉપરાંત તેમણે રવિવારથી સવારના છ વાગ્યાથી સાંજના નવ વાગ્યા સુધી ઢાકા અને નજીકના જિલ્લાઓમાં કરફ્યૂના કલાકોમાં છૂટછાટ આપવાની જાહેરાત પણ કરી હતી.

ઉલ્લેખનીય છે કે, હજારો લોકો ગઈકાલે ઢાકા, ચટ્ટોગ્રામ, સિલ્હેટ, બરીસાલ અને અન્ય સ્થળોએ ચાલી રહેલા વિદ્યાર્થીઓના વિરોધમાં જોડાઈને ગયા મહિને થયેલી હિંસાના પીડિતોને ન્યાય આપવા દેખાવ કરી રહ્યા હતા.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોં કરી શકો છો...

# US UK CITIZEN

ઇઝરાયેલ અને હિઝબુલ્લાહ વચ્ચે યુદ્ધ અને વ્યાપક પ્રાદેશિક સંઘર્ષની આશંકા વચ્ચે યુનાઇટેડ સ્ટેટ્સ અને યુનાઇટેડ કિંગડમે તેમના નાગરિકોને તાત્કાલિક ધોરણે લેબનોન છોડવાની સલાહ આપી છે. દુશ્મનાવટ વધવાના ડરથી સ્વીડને બૈરુતમાં પોતાના દૂતાવાસને સૌથી પહેલા બંધ કરી દીધું હતું.

સ્વિડને ગઈકાલે પોતાના નાગરિકોને લેબનોન છોડવાની વિનંતી કરી હતી. લેબનોનમાં અમેરિકી દૂતાવાસે જણાવ્યું હતું કે કેટલીક એરલાઇન્સે દેશમાં કામગીરી મોકૂફ કરી દીધી હોવા છતાં, ફ્લાઇટ્સ હજી પણ ઉપલબ્ધ છે. નાગરિકોએ મધ્ય પૂર્વ રાષ્ટ્ર છોડવા માટે ઉપલબ્ધ કોઈપણ ફ્લાઇટ ઝડપથી બુક કરાવી લેવી જોઈએ.

# VISAKHAPATNAM- FIRE TRAIN ACCIDENT

વિશાખાપટ્ટનમ રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ નંબર ચાર પર આજે સવારે ઊભી રહેલી એક્સપ્રેસ ટ્રેનમાં આગ લાગી હતી. ત્યારબાદ અધિકારીઓએ યાત્રીઓને તાત્કાલિક બહાર મોકલ્યાં હતાં. અગ્નિશામક દળના જવાનો આગને કાબૂમાં લેવામાં સફળ રહ્યાં છે.

ઉલ્લેખનીય છે કે વિશાખાપટ્ટનમ રેલ્વે સ્ટેશનની નજીકમાં કેટલાક એસી કોચમાં આગ લાગી હતી. અધિકારીઓની ત્વરિત કામગિરીનાં કારણે મોટો અકસ્માત નિવારી શકાયો હતો. સદનસીબે  કોઈ જાનહાનિ અને ઈજા થઈ નથી.

# PARIS OLYMPICS

પેરિસ ઑલિમ્પિકમાં બેડમિન્ટનની સેમિ-ફાઈનલમાં આજે લક્ષ્ય સેન ટોક્યો ઑલિમ્પિકના સુવર્ણ ચંદ્રક વિજેતા ડેનમાર્કના વિક્ટર એક્સેલસન સામે રમશે. આ મેચ બપોરે સાડા ત્રણ વાગ્યે શરૂ થશે. ઉપરાંત આજે મુક્કેબાજીમાં લવલિના બોરગોહેન 75 કિલો વજન વર્ગની ક્વાર્ટર ફાઈનલમાં ચીનનાં લી કિઆન સામે રમશે.

પુરૂષ હૉકીની ક્વાર્ટર ફાઈનલમાં આજે ભારતીય ટીમ ગ્રેટ બ્રિટન સામે રમશે. આજે ભારત જીતશે તો સતત બીજી વાર ઑલિમ્પિકની સેમિ-ફાઈનલમાં પહોંચનારી ટીમ બની જશે.

નિશાનેબાજીમાં રાષ્ટ્રમંડળ રમતના સુવર્ણ ચંદ્રક વિજેતા અનીશ ભાનવાલા અને વિજયવીર સિદ્ધુ 25 મીટર રેપિડ ફાયર પિસ્ટલના ક્વાલિફિકેશન તબક્કા માટે રમશે. પહેલો ક્વાલિફિકેશન તબક્કો આજે બપોરે સાડા 12 વાગ્યાથી શરૂ થશે.

એથ્લેટિક્સમાં પારૂલ ચૌધરી ત્રણ હજાર મીટર સ્ટીપલચેઝના પહેલા રાઉન્ડમાં મેદાને ઉતરશે. જ્યારે પુરૂષોની લાંબી કૂદ સ્પર્ધામાં ભારતીય એથ્લિટ જેસ્વિન ઑલ્ડ્રિન આજે ક્વાલિફિકેશન રાઉન્ડમાં બપોરે અઢી વાગ્યે પોતાનું અભિયાન શરૂ કરશે.

# CRICKET-INDIA-SRI LANKA

ભારત અને શ્રીલંકા વચ્ચે ત્રણ એક દિવસીય ક્રિકેટ મેચોની શ્રેણીની બીજી મેચ આજે  કોલંબોમાં રમાશે. આ મેચ બપોરે અઢી વાગે શરૂ થશે. ઉલ્લેખનીય છે કે શ્રેણીની પ્રથમ મેચ ટાઈ રહી હતી.

# SUNDERBAN RAIN WARNING

સુંદરવનના મોટા ભાગમાં નદીઓ ખૂબ પાણીથી વહી રહી છે. બ્લોક અને પેટાવિભાગ કક્ષાએ કંટ્રોલ રૂમ શરૂ કરવામાં આવ્યો છે. અગાઉ ગંગાસાગર, મૌસુની ટાપુ, પાથર પ્રતિમાના ગોબરધનપુર અને ઘોરમારા વિસ્તારોમાં નદીના કિનારાઓ પૂરથી ભરાઈ ગયા હતા અને ભારે વરસાદ તેમજ ભરતીના કારણે  પાળ તૂટ્યા હતા. આજે વરસાદની યલો એલર્ટ જાહેર કરાયું છે.

# FPI INFLOW – JULY

વિદેશી પોર્ટફોલિયો રોકાણકારોએ આ વર્ષે જુલાઈ મહિનામાં ભારતીય શેરબજારમાં 54 હજાર 727 કરોડ રૂપિયાનું રોકાણ કર્યું છેનેશનલ સિક્યોરિટીઝ . ડિપોઝિટરી લિમિટેડના જણાવ્યા અનુસાર32 હજાર 36કરોડનું ઇક્વિટીમાં રોકાણ 4 કરવામાં આવ્યું છે, જ્યારે 22 હજાર 363 કરોડનું રોકાણ ધિરાણમાં કરવામાં આવ્યું છેનિષ્ણાતોનું માનવું છે કે ભારતીય અર્થવ્યવસ્થામાં સારી સંભાવનાઓ ., દરમાં ઘટાડો અને સરકારની નાણાકીય સ્થિરતાને કારણે આ રોકાણ થયું છે.

# TELANGANA- CM VISIT

તેલંગાણાના મુખ્યમંત્રી રેવન્ત રેડ્ડી રાજ્યમાં ઔદ્યોગિક રોકાણને વેગ આપવા 12 દિવસ માટે  અમેરિકા અને દક્ષિણ કોરિયાની મુલાકાતે છે.

મુખ્યમંત્રી કાર્યાલયે એક યાદીમાં જણાવ્યું હતું કે, આ મુલાકાતનો હેતુ આઇટી, આરોગ્ય, ઉત્પાદન, સંશોધન અને વિકાસ સહિતના વિવિધ ક્ષેત્રમાં રાજ્ય માટે રોકાણને આકર્ષવાનો છે. મુખ્યમંત્રી અમેરિકાનાં ન્યુ જર્સી, વોશિંગ્ટન ડીસી, કેલિફોર્નિયામાં વિવિધ કંપનીઓના અગ્રણી ઉદ્યોગકારો  સાથે વ્યાપાર સંદર્ભે ચર્ચાઓ કરી તેમને તેલંગાણામાં રોકાણ કરવા પ્રોત્સાહિત કરશે.

શ્રી રેડ્ડી 11 ઓગસ્ટે  દક્ષિણ કોરિયા જશે. જ્યાં તેઓ કોરિયન નેશનલ સ્પોર્ટ્સ યુનિવર્સિટી અને હાન રિવર પ્રોજેક્ટની મુલાકાત સાથે વિવિધ ફાર્મા હાઉસ, કાર ઉત્પાદકો અને કોરિયન ફેડરેશન ઓફ ટેક્સટાઈલ ઈન્ડસ્ટ્રીના અધિકારીઓ સાથે મુલાકાત કરી 14 ઓગસ્ટે  હૈદરાબાદ પરત ફરશે.